જામનગરમાં કોંગ્રેસી નેતા અને વકીલ હારૂન પાલેજાની સરાજાહેર હત્યા કરવામાં આવી

બેડી વિસ્તારમાં 10 જેટલા શખ્સો હથિયારો અસંખ્ય ઘા મારી ભાગી છૂટ્યા, વકીલ મંડળ આજે કોર્ટ કામગીરીથી અળગા રહેશે

જામનગર, તા.૧૩

જામનગરમાં વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલા અને વ્યવસાયે વકીલ એવા હારૂન પાલેજાની બુધવારે સાંજે બેડી વિસ્તારમાં સરાજાહેર હત્યા નિપજાવી

દેવાતા ચકચાર મચી છે. હારુન પાલેજા બેડી વિસ્તારમાંથી પોતાનું બાઈક લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે જ 10 જેટલા શખ્સો તિક્ષણ હથિયારો લઈ તૂટી પડ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા નેતાને હોસ્પિટલ ખસેડવામાં આવતા ડોકટરે તેને મૃત જાહેર કર્યા હતા. ઘટનાના પગલે જામનગર એસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ પર પહોંચી ગયો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. હારૂન પાલેજાની હત્યાના વિરોધમાં જામનગરના વકીલ મંડળ દ્વારા આવતીકાલે કોર્ટ કામગીરીથી અળગા રહેવાની જાહેરાત કરી છે.

જામનગર શહેરના બેડી વિસ્તારમાં રહેતા અને વકીલાત કરતા હારુન પાલેજા આજે સાંજના સમયે પોતાનું મોટર સાયકલ લઈને બેડી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે 10 જેટલા શખ્સોએ તેમને આંતરી તિક્ષણ હથિયાર વડે હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા હારુન પાલેજાને તાત્કાલીક જામનગર જીજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જો કે, ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

બેડી વિસ્તારમાં બનેલા હત્યાના આ બનાવના પગલે જામનગર એસપી સહિતનો પોલીસ કાફલો બેડી વિસ્તારમાં અને હોસ્પિટલ પર પહોંચ્યો હતો. હત્યાના બનાવને અંજામ આપી નાશી છૂટેલા આરોપીઓને ઝડપી પાડવા પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી છે.

જામનગરમાં વકીલાત કરતા અને વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલા હારૂન પાલેજા હાલ સિક્કા નગરપાલિકાના પ્રભારી તરીકે કાર્યરતા હતા. જ્યારે તેમના ભત્રીજા નુરમામદ પાલેજા હાલ જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર 1માં કોંગ્રેસના કોર્પોરેટર તરીકે કાર્યરત છે.

જામનગર એસપી પ્રેમસુખ ડેલુએ કહ્યું હતું કે, હારુન પાલેજાની હત્યા કરવામાં આવી છે. આ બનાવ બાદ બેડી વિસ્તારમાં કોમ્બીંગ કરવામાં આવી રહ્યું છે. જે આરોપીઓ હશે તેની સામે કડક કાર્યવાહી કરાશે.

ભટારમાં લેબોરેટરીમાં નોકરી કરતા યુવકનો આપઘાત

સુરત, તા.૧૩

મહારાષ્ટ્રના લવાડાનો વતની અને હાલ ભટાર સ્થિત તડકેશ્વર સોસાયટીમાં રહેતો કલ્પેશ શેષરાવ ચંદનશીવ (ઉ.વ.૨૭) અઠવાગેટ ખાતે યુનિપેટ લેબ્રોરેટરીમાં નોકરી કરતો હતો. કલ્પેશનો ઈન્સ્ટાગ્રામ ઉપર હજીરા ખાતે રહેતી તન્વી મૈસુરિયા સાથે સંપર્ક થયો હતો. ત્યારબાદ બાદ બંને વચ્ચે પ્રેમ પાંગર્તા ૪ વર્ષ અગાઉ તેઓએ પ્રેમલગ્ન કર્યા હતા. ગઈ કાલે બપોરે નર્સનુ કામ કરતી પત્ની તન્વીને કલ્પેશ ભટાર ખાતે ક્લીનીકમાં છોડી આવ્યો હતો. ત્યારબાદ રાત્રિએ પોતાના ઘરમાં ફાંસો ખાઈ લીધો હતો. આપઘાત પહેલા કલ્પેશે તેણીની પત્નીને ફોન કરીને કહ્યુ હતુ કે હુ દરવાજો નહી ખોલુ તો તોડી નાંખજે. ત્યારબાદ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો.

ચેમ્બર ઓફ કોમર્સની મેનેજિંગ કમિટીની ચૂંટણીમાં ફાઈનલ યાદી આજે જાહેર કરાશે

સુરત, તા.૧૩

ચેમ્બર ઓફ કોમર્સની મેનેજિંગ કમિટીની ચૂંટણી માટેની ફાઈનલ યાદી આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. લાઈફ કેટેગરીમાં 44 બેઠકો સામે 57 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જ્યારે અન્ય તમામ કેટેગરીમાં ઉમેદવારો બિનહરીફ થયા છે. આવતીકાલે યાદી જાહેર થયા બાદ પણ મતદાનના દિવસ પહેલા પણ જો ઉમેદવારો પોતાના ફોર્મ પરત લેશે તો તેમને લેવા દેવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સની મેનેજિંગ કમિટીની ચૂંટણી આગામી 31 તારીખે યોજાનાર છે. પરંતુ વર્ષોથી ચાલતી પરંપરા મુજબ ચેમ્બરના હોદ્દેદારો અને માજી પ્રમુખો દ્વારા ચૂંટણી ટાળવાના પૂર્ણ પ્રયાસો કર્યા હતા. જેમાં મોટાભાગે સફળતા મળી હતી. લાઈફ કેટેગરી સિવાય અન્ય તમામ કેટેગરીમાં ઉમેદવારો બિનહરીફ થયા હતા. જ્યારે લાઈફ કેટેગરીમાં પણ 115 ઉમેદવારો માંથી મોટા ભાગનાને સમજાવી ફોર્મ પરત લેવડાવવામાં હોદ્દેદારોને સફળતા મળી હતી. પરંતુ 44 બેઠકો સામે 57 ઉમેદવારો હાલમાં મેદાનમાં છે. પરંતુ ચૂંટણી પહેલા તેમને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવશે જો 44 કરતા વધારે ઉમેદવાર મેદાનમાં રહેશે. આવતીકાલે ચેમ્બર દ્વારા ફાઈનલ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે.

:: જાહેર ચેતવણી ::

આથી અમારા અસીલ ઘનશ્યામભાઈ વનમાળીભાઈ ખોખરીયા તથા મંજુલાબેન ઘનશ્યામભાઈ ખોખરીયા, હાલ રહે.: સુરતનાંઓ તરફે લાગતા-વળગતાઓને આ નોટીસથી જાહેર થાય કે, અમારા અસીલ મુળ ગામ આટકોટ, તા.જસદણ, જી.રાજકોટનાં વતની છે અને તેઓ તેનાં ત્રણ વારસપુત્રો સાથે ૨૦૦૩ થી સુરત મુકામે આવેલ. જેમાં મોટા પુત્ર હરેશ ઘનશ્યામભાઈનાં લગ્ન સને-૨૦૦૦ માં થયેલ, બાદ તેઓ ૨૦૧૩ થી અમારા અસીલથી રાજીખુશીથી અલગ થઈ તેના સહપરીવાર સાથે અલગ રહેતા આવેલ છે. તેનાથી નાનો રાજેશ ઘનશ્યામભાઈનાં લગ્ન ૨૦૦૬ માં થયેલ લગ્નનાં આશરે છ માસ બાદથી તેઓ રાજીખુશીથી અમારા અસીલથી અલગ તેની પત્નિ સાથે રહેતા આવેલ, ત્યારબાદ અમારા અસીલ સાથે ઉમેશ ઘનશ્યામભાઈ રહેતા આવેલ દરમ્યાન ઉમેશભાઈનાં લગ્ન ૨૦૧૫ માં થયેલ અને હાલ અમારા અસીલો અને ઉમેશભાઈ તેના પરીવાર સાથે રહેતા આવેલ છે. અમારા અસીલનાં પુત્રો નામે હરેશભાઈ તથા રાજેશભાઈ અલગ થયેલ ત્યારે તેમના તથા તેમની વહુઓનાં સોના-ચાંદીનાં ઘરેણા તેમજ તેમની હરકોઈ ચીજવસ્તુઓ હતી તે સાથે લઈ રાજીખુશીથી અલગ થઈ પોતાની ઈચ્છાનુસાર રહી તેનાં ઘરસંસાર ચલાવતા આવેલ છે અને ત્યારથી પોતાની સ્વકમાઈ, ખર્ચ, આર્થિક-સામાજીક વહીવટ-વ્યવહારો પોતાની રીતે સ્વતંત્ર અને ઈચ્છાનુસાર કરી તેનાં ઘર-સંસારનો સુખદ નિભાવ કરી સંભાળતા આવેલ હોય, તેમાં અમારા અસીલોએ ક્યારેય કોઈપણ દખલઅંદાજી કરેલ નથી, જેથી અમારા અસીલને તેની પારિવારીક નિજી સ્થિતી-પરીસ્થિતી કે અંગત વહીવટ-વ્યવહારોની કોઈપણ પ્રકારની માહિતી ચાલી આવેલ નથી. આમ, અમારા અસીલનાં દિકરા હરેશભાઈ તથા રાજેશભાઈ અમારા અસીલોથી અલગ થયા બાદ તેની પારિવારીક અંગત સ્થિતી-પરીસ્થિતી કે વહીવટ-વ્યવહાર પોતાની જવાબદારી કરેલા હોય, તેનાથી અમારા અસીલો માહિતગાર ન હોય અમારા અસીલનાં દિકરાઓનાં કોઈપણ કાર્યલોપ અમારા અસીલોની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી, જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

ઓફિસ : ૨૧૦ થી ૨૧૨, સુપર ડાયમંડ માર્કેટ, મીનીબજાર, વરાછારોડ, સુરત. મો. ૯૯૨૫૮ ૮૧૯૩ (તા. ૧૪/૦૩/૨૦૨૪)

મારી મારફત **ભરત એમ. ખૂંટ** તે ઘનશ્યામભાઈ વનમાળીભાઈ ખોખરીયા તથા મંજુલાબેન ઘનશ્યામભાઈ ખોખરીયાનાં એડવોકેટ

જાહેર જનતાને ચેતવણી

હમારા અસીલ વિષ્ણુભાઈ નારણભાઈ લીંબાચીયાના પુત્ર હિરેન વિષ્ણુભાઈ લીંબાચીયા તેઓના કહ્યામાં નથી અને તેમની સાથે રહેતા નથી અને હમારા અસીલ અને તેમના પુત્ર જોડે કોઈપણ પ્રકારના સંબંધ રહેલ નથી અને હમારા અસીલના પુત્રની જોડે કોઈએ કોઈપણ જાતના નાણાંકીય વહેવારો કરવા-કરાવવા નહિં. તેમ છતાં કરવા-કરાવવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તેઓની રહેશે અને તેની સાથે હમારા અસીલને કાંઈપણ લાગતુ વળગતું રહેશે નહિં જેની જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે.

મહેન્દ્ર એસ. ચૌધરી તે વિષ્ણુભાઈ નારણદાસ લીંબાચીયાના એડવોકેટ
ઓફિસ નં. : ૨૧૧, જોલી પ્લાઝા, અઠવાગેટ સર્કલ, સુરત. મો.નં. ૯૮૨૫૧ ૨૮૫૩૯

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં.૮૦૨,નટરાજ સ્ટ્રસ્તમજી,વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈ વે અને એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૬૯
વાપી બ્રાંચ : ગિરનાર ખુશ્બૂ પ્લાઝા,કોમર્શિયલ પ્લોટ -૨૦૯,વિશાલ મેગા માર્ટની સામે, જીઆઈડીસી, વાપી-૩૯૬૧૯૫ ,(ગુજરાત)

પરિશિષ્ટ ૪ સ્થાવર મિલકત માટેની કબજા નોટીસ

નીચે સહી કરનાર **આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એએચએફએલ)** ના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) ની સાથે સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૩ને સાથે વંચાણે લેતા આપવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ડીમાન્ડ નોટીસ મોકલી ડીમાન્ડ નોટીસની તારીખથી દિવસ ૬૦મા ડીમાન્ડ નોટીસમાં જણાવેલી રકમ ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું.દેવાદારો લેણી નીકળતી રકમ ચુકવવામાં નિષ્ફળ જતા દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ખાસ અને જનતાને આ નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે એકટના પેટાખંડ (૪) ખંડ ૧૩ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ને વંચાણે લેતા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા નીચે સહી કરનારે નીચેના વર્ણનવાળી મિલકતનો કબજો લીધો છે.આથી દેવાદારોનું એકટની જોગવાઈ પેટા ખંડ ૮ ખંડ ૧૩ તરફ ધ્યાન દોરવામાં આવે છે કે હજુ પણ તેમની પાસે ગીરો મિલકત છોડાવવાનો સમય છે.દેવાદારોને ખાસ અને જનતાને આ નોટીસ દ્વારા ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકત પર એએચએફએલનું નીચે જણાવેલ રકમનું લેણું નીકળે છે આથી કોઈએ એ મિલકતના વેચાણ અથવા ભાડાપટ્ટે કે અન્ય કોઈ રીતે હસ્તાંતરણ કરવું નહીં.

અ. નં.	દેવાદાર(રો)/સહદેવાદાર(રો) અને બ્રાંચનું નામ	ગીરો મિલકતનું વર્ણન(સ્થાવર મિલકત)	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	લોન કોડ ૦૪૩૦૦૦૦૦૫૧૬/ વાપી શાખા વેંકટ કાન્થા રેડી (દેવાદાર) મનેમ્મા વેંકટ રેડી (સહદેવાદાર)	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત સ.નં.૩૪૦ પૈકી સાંઈ ધામ વિંગ-સી, ફ્લેટ નં.સી-૪૦૭, ચોથા માળે, સાંઈધામ વિંગ-સી, શિવ મંદિર નજીક, ડુંગરી ફળીયા, કરવડ, વાપી, વલસાડ, ગુજરાત- ૩૯૬૧૯૫ **ચતુ:સીમા:** પૂર્વે: પેસેજ પછી ફ્લેટ નં.સી-૪૦૬, પશ્ચિમે: ખુલ્લી જગ્યા, ઉત્તરે: ફ્લેટ નં.સી-૪૦૮, દક્ષિણે: ખુલ્લી જગ્યા	11-10-2023 & ₹ 13,27,206/-	12-03-2024
2	લોન કોડ ૦૪૩૦૦૦૦૧૦૪/ વાપી શાખા સંગિતા નંદકિશોર ઉપાધ્યાય (દેવાદાર) નંદકિશોર એસ. ઉપાધ્યાય (સહદેવાદાર)	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત ૨૨૫ ૨ પૈકી ૧ પૈકી, ફ્લેટ નં.૧૦૧, પહેલા માળે, આવકાર પેલેસ, સરીગામ તીન રસ્તા નજીક વાપી સરીગામ રોડ, સરીગામ, જિ.વલસાડ, વલસાડ, ગુજરાત-૩૯૬૧૯૧ **ચતુ:સીમા:** પૂર્વે: ફ્લેટ નં.૧૦૨, પશ્ચિમે: લિફ્ટ અને દાદર, ઉત્તરે: ખુલ્લો પ્લોટ, દક્ષિણે: પેસેજ	13-11-2023 & ₹ 8,37,764/-	12-03-2024
3	લોન કોડ ૦૪૩૦૦૦૦૦૪૧૬/ વાપી શાખા શ્રુતિ મહાવીર જૈન (દેવાદાર) મહાવીર પુખરાજ જૈન (સહદેવાદાર)	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત જૂનો સ.નં.૧૩, નવો સ.નં. શત્રુંજય ફ્લેટસ ફ્લેટ નં. આઈ-૭૦૧, શત્રુંજય માણેક નગર, વાપી કોપરલી રોડ, રાતા, વાપી, વલસાડ, ગુજરાત-૩૯૬૧૯૫ **ચતુ:સીમા:** પૂર્વે: ફ્લેટ નં.૭૦૨ અને કોપરલી રોડ, પશ્ચિમે: પેસેજ અને ફ્લેટ નં. ૭૦૪, ઉત્તરે: અન્ય મિલકત, દક્ષિણે: દાદર અને ખુલ્લી જગ્યા	13-11-2023 & ₹ 8,20,371/-	12-03-2024

સ્થળ : ગુજરાત
તારીખ : ૧૪-૦૩-૨૦૨૪
અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો થતાં સુરતના ૩૭ લાખ વીજગ્રાહકોને રાહત મળશે

સુરત: ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ વીજળીના ફ્યુલ ચાર્જમાં યુનિટ દિઠ 50 પૈસાનો ઘટાડો કર્યો છે. જેને લઈને ડીજીવીસીએલના 37.43 લાખ વીજ વપરાશ કારોને રાહત મળશે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ડીજીવીસીએલ પાસે હાલમાં 37.43 લાખ વીજળી મેળવતા કસ્ટમર છે જેમને દર મહિને 2700 મિલિયન યુનિટ વીજળી આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ વીજળીના ફ્યુલ ચાર્જમાં 50 પૈસાનો ઘટાડો કર્યો છે. જેને લઈને વીજળીના ગ્રાહકોને ફાયદો થશે. અત્યાર સુધી ફ્યુલ ચાર્જ 3.35 રૂપિયા યુનિટ દિઠ હતો જે હવે 2.85 રૂપિયા કરી દેવામાં આવ્યો છે. કુલ 136 કરોડનો લાભ ગ્રાહકોને થશે.

શેરડીમાં પાકના પોષણ અને વ્યવસ્થાપનને જાળવવા માટે ટકાઉ જમીન જરૂરી

સુરત: ટકાઉ જમીનની ઉત્પાદકતા માટે, શેરડીના પાકની યોગ્ય વૃદ્ધિની ખાતરી કરવા માટે મુખ્યત્વે ઉચ્ચ પોષક તત્વોની પર્યાપ્ત અને સંતુલિત માત્રાની જરૂર પડે છે અને અંતે ઉચ્ચ ઉપજમાં પરિણમે છે. ઓલપાડ તાલુકાના ઓરણાના જયેશ પટેલે જણાવ્યું હતું કે જમીનની ટકાઉપણું ભૌતિક, રાસાયણિક અને જૈવિક ગુણધર્મો તેના મૂળ ફળદ્રુપતા નિર્ધારિત પરિબળો પર આધારિત છે. આપેલા ખાતરની માત્રાની કાર્યક્ષમતા N, P, K, કાર્બનિક તત્વો, સૂક્ષ્મ પોષકતત્ત્વો અને પાણીની ગુણવત્તાના આંતરિક સ્તરો પર આધારિત છે. હાલમાં તમામ ઇનપુટ્સનો ઉપયોગ અત્યંત અપ્રમાણસર (ઉચ્ચ અથવા નીચી) રીતે કરવામાં આવતો હોવાથી જમીનમાં પોષક તત્ત્વોનો અભાવ અધોગતિ તરફ દોરી જાય છે. પરિણામે જમીનમાં સૂક્ષ્મ પોષક તત્ત્વોના સંગ્રહનું યોગ્ય રીતે સંચાલન કરી શકાતું નથી, તો તે પોષક તત્ત્વોની ઉણપ, છોડની નબળી કામગીરી અને કૃષિ ઉત્પાદકતામાં ઘટાડો તરફ દોરી શકે છે. તેથી, જમીન એક મર્યાદિત અને બિન-નવીનીકરણીય સંસાધન છે જેને વર્તમાન અને ભાવિ પેઢીના લાભ માટે જવાબદારીપૂર્વક સુરક્ષિત અને સંચાલિત કરવાની જરૂર છે.

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જી.નવસારી, તા.ચીખલીના મોજે ગામ થાલાના ગામતળમાં આવેલ મિલકત નંબર ૧૩૦૪, ઘર (મકાન) નંબર ૧૧૨૧ વાળી મિલકતના માલિક બસીર રસુલ દિવાનએ મજકુર મિલકત તેમની માલિકી, કબજા ભોગવટા, વહીવટ, વપરાશની ચાલી આવેલ છે તેમ જણાવી મજકુર મિલકત હમોની અસીલ બેંકને તારણમાં આપવાનું નક્કી કરેલ છે અને હમો કનેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઈ સરકારી, અર્ધસરકારી સંસ્થા, નાણાકીય સંસ્થા, રાષ્ટ્રીયકૃત કે સહકારી બેંક, ખાનગી વ્યક્તિ, વંશ વારસદાર કે અન્ય કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારે લાગભાગ, ભરણ પોષણ, હક્ક, અગ્રહક્ક, હિત-હિસ્સો કે લિયન, તારણ, ગીરો, બોજો, ઈક્વીટેબલ ચાર્જ કે અન્ય કોઈપણ પ્રકારનું હિત, સાટાખત, કબજા કરાર કે અન્ય લખાણ કરેલ હોય તો તેઓએ તે અંગેના આધારભૂત દસ્તાવેજો સાથે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને નીચેના સરનામે રજી.એ.ડી.પોસ્ટથી અથવા રૂબરૂમાં લેખિત જાણ કરી ખાતરી કરાવશો. સબબ ઉપરોક્ત મુદ્દતમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા નહી આવે તો સદરહુ મિલકતમાં તેના મજકુર માલિક સિવાય અન્ય કોઈપણ ઈસમનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, ટાઈટલ કે ઈન્ટ્રસ્ટ નથી અને હોય તો તે વેવ કરેલા યાને જતા કર્યા હોવાનું માની રજીસ્ટર્ડ મોર્ગેજ તથા ધિરાણની પ્રક્રિયા કરવામાં આવશે અને હમોની અસીલ બેંકનો પ્રથમ ચાર્જ ગણાશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની ખાસ નોંધ લેવી.

ઓફીસ : એ-૧૬, ખોડીયારનગર સોસાયટી, અડાજણ ગામ, સુરત મો. ૯૯૭૯૯૪૪૨૧
હમારી મારફત, **અંકુર એ. મોદી** (એડવોકેટ)

Form No. 4
Navsari district Court
IN THE COURT OF Mrs.P.T.RAM
3rd ADDL DISTRICT JUDGE

PROCLAMATION REQUIRING THE APPEARANCE OF A PERSON ACCUSED (See Section 82)
CR A/13/2020
ANKURRAY DHIRAJSINH PARMAR
Vs NATVARBHAI RAMJIBHAI GAJERA
PROPRITOR OF SHIV ENTERPRISE
NEXT DATE : 18-03-2024

PUBLISHED THROUGH
Officer Incharge of Police Station/Police Station Officer
CHIKHLI POLICE STATION

WHEREAS complaint has been made before me that **ANKURRAY DHIRAJSINH PARMAR**, Age-0 years, R/o. - **RAJPUTVAD, TALAV FALIYU, RANVERIKALLA, TA. CHIKHLI, DIST. NAVSARI.** has committed (or is suspected to have committed) the offence of punishable under section **138**, of the **NEGOTIABLE INSTRUMENTS ACT, 1881-330** , and it has been returned to a warrant of arrest thereupon issued that the said **ANKURRAY DHIRAJSINH PARMAR** cannot be found, and whereas It has been shown to my satisfaction that the said **ANKURRAY DHIRAJSINH PARMAR** has absconded (or is concealing himself to avoid the service of the said warrant);

Proclamation is hereby made that the said **ANKURRAY DHIRAJSINH PARMAR, Age-0** is required to appear at **navsari_district Court** before **3rd ADDL DISTRICT JUDGE** to answer the said complaint on the day of **18-03-2024.**
Dated,this day of **02-02-2024** **3rd ADD DISTRICT JUDGE** Navsari

ખોવાયેલ છે.

હમો હેમંતકુમાર પ્રવિણચંદ્ર દેસાઈ તથા મીનાબેન હેમંતકુમાર દેસાઈ, બંને રહે- 1 FAIRTHORN VILLAS, FELLTRAM WAY, LONDON, SE7 7RQ ના અમારા મિત્ર નામે જીતેન્દ્રકુમાર ભગવતીપ્રસાદ નાઓ જોડે તેમની ગાડી નં. GJ-21-BC-1779 તારીખ ૯/૩/૨૦૨૪ ને શનિવારના રોજ દાંડી મુકામે ગાંધી સ્મારક જોવા માટે ગયેલાં ત્યા અમારી ગાડીમાંથી કોઈ ઈસમે ચીલઝડપથી એક કાળા કલરનું પાકીટ કે જેમાં અગત્યના દસ્તાવેજો અમારી મિલકત સંબંધે તેમજ પાસપોર્ટની ઝેરોક્ષ નકલો તથા ડ્રાઈવીંગ લાઈસન્સની ઝેરોક્ષ નકલ વિગેરે તેમજ કેટલાક ૧૫ પાઉન્ડ જેટલી રકમ હતી જે કોઈ ઈસમો તેની ભાળ આપે કે શોધી આપે તેનો હમો અમારી જરૂરિયાતને સમજી યોગ્ય ઈનામ આપીશું. સંપર્ક મો.નં. : 99040 58500

જાહેર નોટીસ
ગણદેવીના મે. એડી ચીફ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ જડજ સાહેબની કોર્ટમાં, તા. ગણદેવી, જી. નવસારી.

અરજદાર : રશ્મીબેન રંગીલદાસ માલી તે હર્ષદરાય છગનલાલ માલીની પત્ની ઉ.આ.વ.૬૩,ધંધોઃ-ઘરકામ, રહે.: ૩૭૧/એ, બંગલા નં.એ/૨, ડોક્ટર કો.ઓ.હા.સોસાયટી લાઇયન્સ બ્લડ બેંક સામે, વાપી,તા. વાપી.જી.વલસાડ.
ફોજદારી પરચુરણ અરજી નં: ૧૮૯/૨૦૨૪
અરજદારના વિ.વ.શ્રી : આર.આઈ. પટેલ
વિરૂધ્ધ
સામાવાળા: સબ રજીસ્ટ્રાર જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી બીલીમોરા નગર પાલીકા,બીલીમોરા, તા. ગણદેવી, જી. નવસારી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અત્રેની અદાલતમાં આ કામના અરજદાર નામે રશ્મીબેન રંગીલદાસ માલી તે હર્ષદરાય છગનલાલ માલીની પત્ની, ઉ.આ.વ. ૬૩, ધંધોઃ- ઘરકામ, રહેવાસીઃ ૩૭૧/એ,બંગલા નં.એ/૨,ડોક્ટર કો.ઓ.હા.સોસાયટી લાઇયન્સ બ્લડ બેંક સામે, વાપી, તા. વાપી, જી. વલસાડનો જન્મ તા.૦૬/૦૩/૧૯૬૧ ના રોજ મોજે બીલીમોરા, તા. ગણદેવી, જી. નવસારી મુકામે થયેલ છે. જેની તપાસ કરતા સબ રજીસ્ટ્રાર જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી બીલીમોરા નગર પાલીકા, બીલીમોરા, તા. ગણદેવી જી. નવસારીના દફતરે સને ૧૯૬૧ ના વરસનું જન્મનું સબ રજીસ્ટ્રાર જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી બીલીમોરા નગર પાલીકા, બીલીમોરા , તા. ગણદેવી, જી. નવસારીના દફતરે ઉપલબ્ધ ન હોવાથી જન્મની નોંધ થયેલ નથી. જેની નોંધણી કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરી છે.

જો સદરહુ જન્મનો દાખલો આપવા અંગે કોઇ પણ વ્યક્તિને વાંધો વિરોધ હોય તો તેઓએ જાતે અથવા તેઓનાં વકીલશ્રી મારફતે દિન-૧૫ અથવા તે પહેલા અત્રેની અદાલતમા આવી રજુ કરી જવું. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટને યોગ્ય લાગે તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧મી માહેઃ ૩ સને : ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તેયાર કરનાર આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ ગણદેવી | મુકાબલ કરનાર આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ ગણદેવી | કોર્ટનો સિક્કો | હુકમથી રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ગણદેવી

જાહેર નોટીસ
મે. બીજા અધિક સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, ગણદેવી.

અરજદાર : જઈદાબાનુ ગનીમિયા ગોડલ રહે.: ૪/૩૦, ખરીવાડ, દમણ, દમણ અને દીવ - ૩૯૬૨૧૦ કાયમી રહેઃ-જવાહર રોડ, સીટી સ્ટોરના સામે, બીલીમોરા, ગણદેવી.
વિરૂધ્ધ
અરજદારનાં વિ.વ.શ્રી. એ.યુ.સોલા
વારસા પરચુ. અ.નં.- ૦૫/૨૦૨૪ મુ.તા. - ૦૩/૦૪/૨૦૨૪ આંક-૪

સામાવાળાઃ૧) અબુબકર ઈસ્માઈલ મોહમ્મદ રહેવાસી જવાહર રોડ, સીટી સ્ટોરની સામે, બીલીમોરા, તા.ગણદેવી, જી.નવસારી.
૨) હબીબુલ્લા ઈસ્માઈલ મોહમ્મદ ૨ ફ્લોર, પીરોઝા ટેરસ, વાપી, ઝંડા ચોક, તા.જી.વલસાડ,
૩) મેનેજરશ્રી બેંક ઓફ બરોડા જવાહર રોડ શાખા, બીલીમોરા. સરનામુ - જવાહર રોડ, બીલીમોરા, તા.ગણદેવી, જી.નવસારી,

આથી આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા સંબંધિત હિત ધરાવનારા વ્યકિતઓને જાણ કરવામાં આવે છે કે, સદર કામના અરજદારે તેમનાં તર્ફે દાખલ કરેલ વારસા- પરચુ.અરજી નં.- ૦૫/૨૦૨૪ માં જણાવ્યા મુજબ અરજદારના સસરા મર્હુમ ઈસ્માઈલ મોહમ્મદનાઓનું અવસાન તા. ૦૫-૧૦-૨૦૦૭ ના રોજ HAMMERSMITH HOSPITAL, HSMMERSMITH, U.K. મુકામે થયેલ તથા અરજદારના સાસુ મર્હુમ સુગરાબીબી ઈસ્માઈલ મોહમ્મદનાઓનું તા. ૦૮-૦૧-૨૦૧૬ નાં રોજ NORTHWICK PARK HOSPITAL HARROW,U.K ખાતે થયેલ અરજદારના મર્હુમ સાસુ તથા સસરાનાં સ્વતંત્ર નામથી તેઓએ રોકેલા નાણાં યાને ઈનવેસ્ટ કરેલ રકમો બેંક ઓફ બરોડામાં સેવીંગ્સ એકાઉન્ટ, એન.આર.આઈ. તથા ફીક્સ ડીપોઝીટ ચાલી આવેલ છે જેની વિગત અરજદારે આ કામે "શિડયુલ -એ" થી રજુ કરેલ છે જેની ઝેરોક્ષ નકલ આ નોટીસ સાથે સામેલ રાખેલ છે.

શીડયુલ-એ
૧. બેંક ઓફ બરોડા, જવાહર રોડ, બીલીમોરા શાખામાં ફીક્સ ડીપોઝીટ યાને એફ.ડી. ચાલી આવેલ છે. જેમાં રૂા. ૨૧,૦૯,૫૦૧.૦૦/- જમા રાશી છે. જેની મ્યુચ્યુરીટી તારીખ : ૨૭/૧૧/૨૦૨૩.
૨. બેંક ઓફ બરોડા,જવાહર રોડ, બીલીમોરા શાખામાં, તા. ગણદેવી, જી. નવસારી શાખામાં ખાતા નં. ૦૨૩૫૦૩૦૦૦૧૫૦૦૩ થી એફ.ડી. ચાલી આવેલ છે. જેમાં તા. ૦૪/૦૬/૨૦૦૭ ના રોજ રૂા.૬,૦૦,૦૦૦,૦૦/- જમા કરેલ છે. જેની પરિપકયતા મુલ્ય રૂા. ૭,૦૨,૬૬૯.૦૦ છે.
૩. બેંક ઓફ બરોડા, જવાહર રોડ, બીલીમોરા શાખામાં, તા. ગણદેવી, જી. નવસારી શાખામાં એફ.ડી. ખાતા નં. ૨૨૫૧૯૧/૧ થી એન.આઈ.આર એકાઉન્ટ ચાલી આવેલ છે. જેમાં તા. ૧૨/૧૧/૨૦૦૨ ના રોજ રૂ.૨,૨૬,૩૫૦.૦૦/- એફ.ડી ચાલી આવેલ છે. જેની પરિપકયતા મુલ્ય રૂા. ૨,૭૪,૬૫૫.૦૦ છે.
૪. બેંક ઓફ બરોડા, જવાહર રોડ, બીલીમોરા શાખામાં, તા. ગણદેવી, જી. નવસારી શાખામાં એફ.ડ